ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૭૮/૨૩–૨૪/ 242 . તારીખ : 16 MAR 2024

**આર.પી.એ.ડી.**

કેસ નં.૭૮/૨૩–૨૪

પ્રતિ,
**મે.ઓમ ઈન્ડસ્ટ્રીઝ,**
પ્લોટ નં–૨૮૧૬, જીઆઈડીસી,
ફેઈઝ–૪, વઢવાણ સીટી,
સુરેન્દ્રનગર–૩૬૩૦૩૫

મો.નં– ૯૮૭૯૮૧૯૫૦૭/૭૦૧૬૨૮૨૪૫૫

**વિષય : બીલ બાબતે.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૯/૦૨/૨૦૨૪ જે અત્રેની કચેરીને મળ્યા તા.૧૨/૦૨/૨૦૨૪.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૮/૨૩–૨૪/૧૦૮ તા.૧૩/૦૨/૨૦૨૪.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૮/૨૩–૨૪/૧૫૪ તા.૨૧/૦૨/૨૦૨૪.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૦૪/૦૩/૨૦૨૪ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **શહેર પેટા વિભાગીય કચેરી–૨,** સુરેન્દ્રનગર.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

## ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૭૮/૨૩–૨૪** ☜

**વાદી** :– **મે.ઓમ ઈન્ડસ્ટ્રીઝ**

◊ **વિરૂધ્ધ** ◊

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૦૪/૦૩/૨૦૨૪** ◈

**હાજર રહયા** :– **શ્રી હિતેશભાઈ આસ્વાની તથા વિનોદભાઈ આસ્વાની (વાદી ના અધિકૃત પ્રતિનિધિ)**
પ્રતિવાદી :– **શ્રી એમ.વી.ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

મે.ઓમ ઈન્ડસ્ટ્રીઝ, મું.વઢવાણ, તા.જી.સુરેન્દ્રનગરની બીલ બાબતેની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૮/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૭૮/૨૩–૨૪/૧૦૮ તા.૧૩/૦૨/૨૦૨૪ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૦૪/૦૩/૨૦૨૪** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી મે.ઓમ ઈન્ડસ્ટ્રીઝ વતી તેમના **અધિકૃત પ્રતિનિધિ શ્રી હિતેશભાઈ આસ્વાની તેમજ શ્રી વિનોદભાઈ આસ્વાની** હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.વી.ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીશ્રી મે.ઓમ ઈન્ડસ્ટ્રીઝ, જીઆઈડીસી, વઢવાણ ખાતે વિજ જોડાણ નં–૭૨૬૦૩/૩૦૪૨૭/૫ થી ૬.૫ કિ.વો નું ઔધોગીક વિજ જોડાણ ધરાવે છે.

૧.૨ વાદી જણાવે છે કે, પેટા વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર શહેર–૨ દ્વારા ૩૬૬ નંબર થી તા. ૦૬/૦૨/૨૦૨૪ ના રોજ નોટીસ આપવામાં આવેલ હતી. જે અંગે વિજ કચેરી ખાતે રૂબરૂ મુલાકાત કરેલ. જે મુલાકાત દરમ્યાન ઈજનેર દ્વારા મીટર રીડર અને ભાડૂઆત પર કાયદાકીય કાર્યવાહી કરી વસુલાત કરીશું તેમ જણાવેલ હતું. પરંતુ, કોઈ કાર્યવાહી કરેલ હોય તેવો જવાબ આપવામાં આવેલ નથી. જેથી જણાય કે, કાર્યવાહી કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૧.૩ વાદી જણાવે છે કે, તેઓ દ્વારા વિજ કચેરીમાં અનેક પત્રો તથા દસ્તાવેજી પુરાવા સાથે અરજી કરેલ છે. તેમજ ભાડા કરારની નકલ અને ભાડૂઆતના મશીનરીની વિગતવાર માહિતી આપેલ છે. અને લેબમાં સદર મીટરની વર્ષ–૨૦૧૫ થી ૨૦૨૨ સુધીની માહિતીનો રીપોર્ટ આપેલ છે. આમછતાં, કોઈ જવાબ આપવામાં આવેલ નથી.

૧.૪ વાદી જણાવે છે કે, ઉપરોકત મીટર નંબર–પીજી ૬૨૮૭૯૯ બાબતે નાયબ ઈજનેરને ૨૦૧૬ થી ૨૦૨૨ સુધીનો ડેટા ( MRI, TAMPAR,LOAD ) વગેરે રીપોર્ટ આપેલ છે.

૧.૫ વાદી જણાવે છે કે, સદર મીટરના ડેટા તપાસતા, તેમાં જણાય છે કે, મીટર રીડર દ્વારા ભાડૂઆત સાથે સાંઠગાંઠ કરી વપરાશ કરતા, ઓછા યુનીટ લખી, વિજ બિલ આપવામાં આવેલ છે. સદર મીટરનો વિજ વપરાશ ૨૫૦ યુનીટ જેટલો MRI DATA માં દેખાય છે. આમ છતાં, ઓછા યુનીટ લખી કંપનીને નુકશાન કરેલ છે.

૧.૬ પીજીવીસીએલ ના દરેક ટ્રાન્સફોર્મર નીચે મેઈન મીટર હોય છે. આમ છતાં, વર્ષ–૨૦૧૬ થી વર્ષ–૨૦૧૮ સુધીમાં વીજ વપરાશ અંગેની કોઈ કર્મચારી દ્વારા ધ્યાને ના લઈને કોઈ પગલા લેવામાં આવેલ નથી.

૧.૭ નાયબ ઈજનેર દ્વારા નોટીસમાં જણાવેલ છે કે, અમોએ વીજ બીલ ન ભરતા, વીજ જોડાણ રદ કરેલ છે. જે સબબ અમો દ્વારા નાયબ ઈજનેર સાહેબને ઉપરોકત સ્થળ ગોડાઉન તરીકે ઉપયોગ હોવાથી થ્રી ફેઈઝની જરૂરીયાત ન હોય, સીંગલ ફેઈઝ કરી આપવા માટે અરજી તા.૧૭/૦૩/૨૦૨૨ ના રોજ કરેલ છે. તેમ જણાવે છે.

૧.૮ વાદીએ તા.૧૯/૧૦/૨૦૨૩ ના રોજ પેટા વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર શહેર–૨ ખાતે રૂબરૂ અરજી આપેલ હતી. જેમાં તેઓ જણાવે છે કે, મીટરરીડરે ભાડૂઆતની સાંઠગાંઠ ને લીધે આ મુજબની પરિસ્થિતિ ઉભી થયેલ છે. મીટર રીડર દ્વારા જે વીજ બિલ રૂા.૩,૦૨,૫૨૭/૫૯ નું આપવામાં આવેલ છે. તે અંગે મારી કોઈ જવાબદારી થતી નથી, તેમ જણાવે છે.

૧.૯ વીજ કચેરી દ્વારા ખોટી નોટીસ આપી અમોને આર્થિક અને માનસીક ત્રાસ આપેલ છે. પણ જવાબદાર મીટર રીડર અને ભાડૂઆત પર કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી અને તેને બચાવવા પ્રયત્ન કરે છે. જે કાયદાની વિરૂધ્ધ છે, તેમ રજૂઆત કરે છે.

૧.૧૦ વાદી જણાવે છે કે, જવાબદાર મીટર રીડર અને ભાડૂઆત પાસેથી બાકી રહેતા વીજ બીલની વસુલાત કરવા તેમજ કાર્યવાહી કરવા વિનંતી કરેલ છે.

૧.૧૧ વાદી દ્વારા જરૂરી દસ્તાવેજી પુરાવા જેમાં ભાડા કરાર, ભાડૂઆતની પાનકાર્ડ, આધારકાર્ડની નકલ, લાઈટબીલની નકલ, નોટીસની નકલ, એમઆરઆઈ ના રીપોર્ટની નકલ તથા પત્ર વ્યવહારની નકલ જોડેલ છે. જે અન્વયે, તમામ પુરાવા સાચા હોય, યોગ્ય ન્યાય કરવા રજુઆત કરેલ છે.

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

**<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ વાદીશ્રી મે.ઓમ ઈન્ડસ્ટ્રીઝ ના નામે જીઆઈડીસી, વઢવાણ, ખાતે ગ્રાહક નં–૭૨૬૦૩/૩૦૪૨૭/૫ થી પેટા વિભાગીય કચેરી,સુરેન્દ્રનગર શહેર–૨, ૬.૫ કિ.વો.નું ઔધોગીક વિજ જોડાણ તા.૨૫/૦૯/૨૦૦૯ થી ધરાવે છે.

૨.૨ વાદીશ્રી જીઆઈડીસીના શેડ નં–૨૮૧૬,૪ ફેઈઝમાં ઈન્ડસ્ટ્રીઝ વાળો શેડ ધરાવે છે. જે જીઆઈડીસી દ્વારા આપવામાં આવેલ છે. જેના પર ગ્રાહક નં–૭૨૬૦૩/૩૦૪૨૭/૫ થી વિજ જોડાણ તા.૨૫/૦૯/૨૦૦૯ થી ધરાવે છે.

૨.૩ વાદીશ્રી મે.ઓમ ઈન્ડસ્ટ્રીઝ, C/O ભાવેશભાઈ વિનોદભાઈ આસ્વાની, દ્વારા સદર શેડ વાળી જગ્યા તા.૦૮/૦૩/૨૦૧૬ ના રોજ તા.૦૯/૦૩/૨૦૧૬ થી તા.૦૮/૦૨/૨૦૧૭ ના સમયગાળા માટે એટલે કે, ૧૧ મહિના માટે નોટરી દ્વારા કરાર કરી શ્રી અક્ષર ઈન્ડસ્ટ્રીઝ( અજયકુમાર સુમનલાલ ચૌહાણ) ને ભાડે આપેલ હતી. ત્યારબાદ, સદર ભાડા કરાર પૂર્ણ થયે ફરીવાર નવો ભાડા કરાર તા.૦૧/૦૪/૨૦૧૭ ના રોજ તા.૦૧/૦૪/૨૦૧૭ થી તા.૨૮/૦૨/૨૦૧૮ ના સમયગાળા માટે એટલે કે, ૧૧ મહિના માટે નોટરી દ્વારા ભાડા કરાર કરવામાં આવેલ હતો.

૨.૪ વાદીશ્રી મે.ઓમ ઈન્ડસ્ટ્રીઝ, C/O ભાવેશભાઈ વિનોદભાઈ આસ્વાની દ્વારા તા.૦૧/૦૪/૨૦૧૭ ના રોજ જે ભાડા કરાર કરવામાં આવેલ છે તેની શરત નં–૪ મુજબ ભાડા કરાર પૂર્ણ થયે, શેડ ખાલી કરવાનો રહેશે, તે બાબતનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. તેમજ શરત નં–૭ અને ૮ મુજબ ભાડા કરાર પૂર્ણ થયે, કોઈપણ વાંધા તકરાર વગર શેડ ખાલી કરવાનો રહેશે તેમજ શરત નં–૧૦ માં પણ વિજ બિલની રકમ ભાડે રાખનારે ભરવાની રહેશે તે બાબતનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

૨.૫ જીઆઈડીસી દ્વારા જેઓને ઔધોગીક હેતુ માટે શેડ ફાળવવામાં આવેલ હોય, તે શેડ અન્ય કોઈને ભાડે આપી શકાય નહી, તેમ છતાં તેઓ દ્વારા શેડ અન્ય વ્યકિતને ભાડે આપેલ છે.

૨.૬ વાદી શ્રી મે.ઓમ ઈન્ડસ્ટ્રીઝ, C/O ભાવેશભાઈ વિનોદભાઈ આસ્વાની દ્વારા તા.૦૧/૦૪/૨૦૧૭ ના રોજ જે ભાડા કરાર કરવામાં આવેલ હતો તેની સમયમર્યાદા તા.૨૮/૦૨/૨૦૧૮ માં પૂર્ણ થયેલ હતી. આમ છતાં, શેડ ખાલી કરાવવામાં આવેલ નથી. જો શેડ ખાલી કરેલ હોય તો, તે સમયે વિજ કચેરી પાસેથી કોઈ એનઓસી લેવામાં આવેલ નથી.

૨.૭ મીટર રીડર તા.૧૭/૦૩/૨૦૨૩ ના રોજ વાદીના વીજ જોડાણ સ્થળ પર વીજ બીલ બનાવવા જતા, મીટરમાં ૩૮૬૧૭ રીડીંગ જોવા મળેલ હતા. આમ, કંપનીના નિયમ મુજબ ગયા વિજ બિલ સમયે લેવાયેલ રીડીંગ ૭૨૫ થી હાલના રીડીંગ ૩૮૬૧૭ બાદ કરતાં, તફાવતના ૩૭૮૯૨ રીડીંગની ગણતરી કરતા, વાદીને કુલ રૂા. ૩,૦૧,૮૫૬/૮૮ નું વિજ બિલ બનેલ હતું. જેમાં, અગાઉના બાકી રૂા.૬૭૦/૦૧ ઉમેરીને કુલ રૂા.૩,૦૨,૫૨૭/૫૯ નું વિજ બિલ આપવામાં આવેલ હતું.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૨.૮ વાદીનું લેજર જોતાં, માહે મે–૨૦૧૭ થી જુલાઈ–૨૦૨૧ સુધીમાં વિજ વપરાશ ૦ યુનીટ જોવા મળે છે. ત્યારબાદ, માહે ઓગષ્ટ–૨૦૨૧ થી ફેબ્રુઆરી–૨૦૨૩ સુધીમાં પણ લોક અને ૦ યુનીટ જોવા મળે છે.

૨.૯ વાદીએ જણાવ્યા મુજબ, લેબમાં મીટરનો ડેટા વર્ષ–૨૦૧૫ થી વર્ષ–૨૦૨૨ સુધીનો આપેલ છે, પણ અરજી સાથે ફકત ૨ પેઈઝ જોડેલ છે. તેમાં મહિના મુજબ વિજ વપરાશ જસ્ટીફાય થતો નથી.

૨.૧૦ પેટા વિભાગીય કચેરીના રેવન્યુ વિભાગ દ્વારા જણાવવામાં આવેલ છે કે, મીટરરીડર જયારે પણ વિજ સ્થળ પર બિલ બનાવવા જતા ત્યારે જે જગ્યાએ મીટર છે તે જગ્યા પર લોક મારી દેવામાં આવતું. તેમજ અન્ય બીજા રસ્તાથી મીટર સુધી જવા દેવામાં આવતા ન હતા.

૨.૧૧ આમ, ખરેખર વાદીએ વિજ વપરાશ કરેલ હોય, વિજ કચેરી દ્વારા આપવામાં આવેલ વિજ બિલ ભરવાપાત્ર થાય છે. જે આપ સાહેબની જાણ સારૂં.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી મે.ઓમ ઈન્ડસ્ટ્રીઝ, જીઆઈડીસી, વઢવાણ ખાતે ગ્રા.નં–૭૨૬૦૩/૩૦૪૨૭/૫ થી NRGP કેટેગરી હેઠળનું ૬.૫ કિ.વો.નું વિજ કનેકશન ધરાવે છે તથા પ્રતિવાદી ના તા.૧૮/૧૦/૨૦૨૩ ના વિજ બિલ રૂા.૩,૦૩,૫૯૫/૨૧ અને અંતિમ લીગલ નોટીસ પત્ર નં–૩૬૬ તા.૨૪/૦૧/૨૦૨૪ સામે વાંધો હોઈ, ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજી અંગે આજરોજ તા.૦૪/૦૩/૨૦૨૪ ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ, જેમાં વાદી તથા પ્રતિવાદી ના પ્રતિનિધિઓએ હાજર રહી રજૂઆતો કરેલ છે.

૩.૩ વાદીની રજૂઆત મુજબ તેમના ઉપર ના વિજ કનેકશન નંબરની જગ્યા પ્લોટ નં–૨૮૧૬,ફેઈઝ–૪, જીઆઈડીસી, વઢવાણ સીટી તેઓ દ્વારા મે.અક્ષર ઈન્ડસ્ટ્રીઝને ભાડા કરાર થી આપવામાં આવેલ. જેમાં, વર્ષ–૨૦૧૬ થી વર્ષ–૨૦૧૮ ના સમયગાળા દરમ્યાન પ્રતિવાદીના મીટર રીડરે વાદીના ભાડુઆત સાથે સાંઠગાંઠ રાખીને ૦ યુનીટ તથા લોકના બીલો આપેલ. જેને લીધે યુનીટ પેન્ડીગ રહેતા. જેને કારણે, તા.૧૭/૦૩/૨૦૨૩ ના રોજ મીટર રીડર દ્વારા રીડીગ લેતા ૩૮૬૧૭ યુનીટ જોવા મળેલ. જેમાં જુના આગળના બીલના ૩૭૨૫ યુનીટ બાદ કરતા તફાવતના ૩૪૮૯૨ યુનીટની ગણતરી કરીને વાદીને કુલ રૂા.૩,૦૧,૮૫૬/૮૮ નું વીજ બીલ બનાવેલ. જેમાં, અગાઉના બાકી રૂા.૬૭૦/૦૧ ઉમેરીને કુલ રૂા.૩,૦૨,૫૨૭/૫૯ નું વીજ બીલ આપી તે ભરપાઈ કરવા અંગેની અંતિમ નોટીસ પણ આપેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૩.૪ પ્રતિવાદી જણાવે છે કે, વાદી કે વાદીના ભાડુઆત જે તે સમયે મીટર રીડરને મીટરનું વાંચન કરવા દેતા ન હતા તથા લોક મારી દેતા હતા. વાદીની મોટી રકમના બીલ સામેની જે તે સમયે થયેલ રજુઆતો ના જવાબ આપવામાં આવેલ છે તથા તેના આધારે તપાસ કરવામાં આવેલ તેમજ લેબમાં મીટરનો ડેટા વર્ષ–૨૦૧૫ થી ૨૦૨૨ સુધીનો આપતા તે જસ્ટીફાઈડ થયેલ નથી. MRI રીપોર્ટ માં પણ મીટર ઓકે બતાવેલ છે તેમજ જે સમયે વાદીને ૦ યુનીટ ના બીલો આપેલ છે તે સમયમાં પણ વપરાશ ૨૫૦ યુનીટ આસપાસનો નોંધાયેલ છે.

આમ, વાદીના સ્થળે વપરાશ થતો હોવાનું સાબીત થાય છે તેમજ પ્રતિવાદીના મીટર રીડર દ્વારા જે તે સમયે વપરાશ મુજબના રીડીંગનું બીલ બનાવવામાં આવેલ નથી, તે સાબીત થાય છે.

૩.૫ રજૂ થયેલ રેકર્ડ, બીલીગ રેકર્ડ, MRI રીપોર્ટ, લેજર શીટ વગેરેનો અભ્યાસ અને રજુઆતોને ધ્યાને લેતાં ફોરમ એવા નિષ્કર્ષ પર આવે છે કે વાદીના વિજ મીટરમાં વપરાશ થતો હોવા છતાં તે મુજબના બીલો બનતા ન હતા. આમ, વાદીને આપવામાં આવેલ તફાવતના ૩૪૮૯૨ યુનીટનું બીલ યોગ્ય અને નિયમોનુસાર છે.

પરંતુ, વાદી દ્વારા વાદીને જે તે સમયના ટેરીફ મુજબનું બીલ ન આપતા એકી સાથે મોટી રકમ નું બીલ આપેલ હોઈ, જે તે સમયના ટેરીફને ધ્યાને લઈ પ્રોરેટા મુજબનું સુધારેલું બીલ વાદીને આપવું, એટલે કે મેં - ૨૦૧૭ થી માર્ચ - ૨૩ સુધીના સમયગાળા દરમ્યાનના કુલ ૭૧ માસનું ૩૪૮૯૨ નું સમાન યુનિટ નું બીલ જે તે સમયના ટેરીફ મુજબં પ્રત્યેક મહિના માટે રીવાઈઝ કરી જે રકમ આવે તે ભરપાઈ કરવાની રહેશે, આ સમયગાળા દરમ્યાન જે લોકના કે એવરેજ યુનિટ ના બીલ આપેલ હોય તે રદ ગણવા અને તમામ સમય ગાળા માટે સરખા યુનિટના બીલની ગણતરી કરવી. જે વાદીએ ભરવાપાત્ર છે.

આ તબકકે વાદીની આ બાબતની જવાબદારી ભાડુઆત ની હોવા બાબતની માંગણી તેમજ રજૂઆત ગ્રાહ્ય રાખી શકાય નહિ., પરંતુ વાદી દ્વારા જયારે વિગત માંગવામાં આવે ત્યારે તે પૂરી પાડવા હુકમ કરવામાં આવે છે. તેમજ પ્રતિવાદી ના મીટર રીડર દ્વારા ફરજ માં ગંભીર બેદરકારી દર્શાવેલ છે. જેની સામે ખાતાકીય પગલા લેવા હુકમ કરવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

**-:: હુકમ ::-**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન-૩, ત્રીજો માળ, બ્લોક નં-૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રી જે.એમ મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(બી.આર.વડાવીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :- ૦૪/૦૩/૨૦૨૪.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.